## ટ્રેક નં. ૧૨ : અનુભૂતિ સ્વરૂપ આત્મા સદાય અનુભવાઈ રહ્યો છે તે વિષે

✻ સમયસાર ગાથા ૧૭, ૧૮મા આવે છે ને કે અનુભૂતિ સ્વરૂપ આત્મા સદાય અનુભવાઈ રહ્યો છે. કેવી રીતે ? તે તો અનુભવી પ્રશમમૂર્તિ બેનશ્રી જ આપણને સમજાવશે.

✻ માંગલિક :

✻ ભક્તિ : આત્મા છું, આત્મા છું, આત્મા છું, આત્મા છું, (૨)
આત્મા છું, આત્મા છું, આત્મા છું, આત્મા છું, (૨)

**✻ પ્રશ્ન : અનુભૂતિનો એ ભાવ દરેક જીવને દરેક સમયે એની દશામાં હોય છે?**

● ઉત્તર : એ અનુભૂતિ એટલે એને સ્વાનુભવની અપેક્ષા નથી. એ તો આબાલ, ગોપાલને સદાય વેદાઈ રહ્યો છે. એટલે એ જ્ઞાન સદા સ્વયં એને અનુભવમાં આવી રહ્યું છે. ઈ જાણે તો ઈ ચૈતન્ય દ્રવ્ય પોતે પોતામાં જ્ઞાન સ્વભાવે ઓળખાય એવી રીતે અનુભવમાં આવી રહ્યો છે. પણ એ જાણનારુ દ્રવ્ય છે એ જાણનારુ દ્રવ્ય જણાય રહ્યો છે પોતે જુએ તો. યથાર્થ જણાય રહ્યો છે એમ નહીં. પણ એનો જાણનાર સ્વભાવ બધાને અનુભવમાં આવી શકે એવો છે. અનુભવાઈ રહ્યો છે પોતાને. ઈ કાંઈ જડતા નથી અનુભવાતી. કે જડરૂપે આત્મા નથી. ચૈતન્યરૂપ જાણનાર તરીકે બધાને અનુભવાઈ રહ્યો છે કે આ વિકલ્પ છે, આ પર છે, આ છે, આ છે, એવો જ વિચાર કરે તોય જાણનારો અનુભૂતિમાં બધાને આવી રહ્યો છે, પણ પોતે લક્ષ દઈને યથાર્થપણે જાણતો નથી. પોતે પોતાના સ્વભાવમાં જ્ઞાનરૂપે અનુભવાઈ રહ્યો છે. વિશેષ સ્વભાવ છે જ્ઞાયક-જણાનારરૂપે, બધાને એની ચૈતન્યતા અનુભવમાં આવે છે. જાણક તત્ત્વ છે એ અનુભવમાં આવે એવું છે. આબાળ, ગોપાળ બધાને અનુભવમાં આવે છે. યથાર્થપણે નહીં પણ એના સ્વભાવરૂપે

અનુભવાઈ રહ્યો છે. જેમ આ જડ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જેમાં જડતા દેખાય છે એમ આમાં ચૈતન્યતા દેખાય છે એવો એનો જ્ઞાન સ્વભાવ એને અનુભવાઈ રહ્યો છે. એમ (કહે છે) એનો વિશેષ શુદ્ધ આત્મા ક્યાં અનુભવાઈ રહ્યો છે? તું એને પકડી શક એવી રીતે અનુભવાય રહ્યો છે. એ જડ નથી, તારી ચૈતન્યતા તને ચૈતન્યરૂપે અનુભવાઈ રહી છે. ઈ દ્રવ્ય, ગુણ, પર્યાય ઈ તને ચૈતન્ય રૂપ છે. ચૈતન્યનું અસ્તિત્વ ચૈતન્યરૂપે તને ખ્યાલમાં આવે એવી જાતનું અસ્તિત્વ તને અનુભવાઈ રહ્યું છે. સ્વભાવ તને એમાં જ્ઞાન સ્વભાવનું અસ્તિત્વ– દ્રવ્યનું અસ્તિત્વ, ગુણનું અસ્તિત્વ, પર્યાયનું અસ્તિત્વ તને અનુભવાઈ રહ્યું છે. 'અનુભવાઈ રહ્યું' એટલે ઈ કાંઈ તને શુદ્ધ આત્મારૂપે-શુદ્ધ પરિણતિ રૂપે અનુભવાય છે એમ નહીં. પણ તને અનુભવાઈ રહ્યો છે એમ કહે છે. જડ નથી. ચૈતન્યતા ચૈતન્યરૂપે તને અનુભવાઈ રહ્યો છે એમ કહે છે. યથાર્થપણે અનુભવની અહીંયા વાત નથી પણ તારો સ્વભાવ ગ્રહણ થાય એવી જાતનો અનુભવાઈ રહ્યો છે. યથાર્થરૂપે અનુભવ ક્યાં? તેને મુક્તિનો અંશ પ્રગટ થયો એવી રીતે કાંઈ અનુભવાતો નથી.

*** પ્રશ્ન : સમયસારની ૧૭-૧૮ ગાથામાં આવે છે કે દરેક જીવને અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે?**

● ઉત્તર : ઈ અનુભૂતિ એટલે ઈ વાસ્તવિક અનુભૂતિ જે અંદર આનંદનું વેદન એમ નથી કહેવા માંગતા. એમ કહેતા હોય તો પછી કહે છે કે તું એનું શ્રદ્ધાન કર. નહીં જાણેલાનું શ્રદ્ધાન ગધેડાના શિંગડા જેવું છે. એમ બધું કહે છે. નહીં જાણેલાનું શ્રદ્ધાન ગધેડાના શીંગડા જેવું કહે છે એટલે તો ઈ કહે છે એટલે એમ કહે છે કે વાસ્તવિક અનુભૂતિ અહીંયા નથી કહેતા. તારો સ્વભાવ તે રૂપે પરિણમી રહ્યો છે. જે સ્વભાવ તારો જ્ઞાયકરૂપે છે જાણનારો. તે રૂપે તું થઈ રહ્યો છે અનાદિનો. 'અનુભવ'નો અર્થ અહીંયા એમકે એને અનુસરીને તું થઈ રહ્યો છે તે રૂપે. અનુભૂતિ એટલે તું તે રૂપે થઈ

રહ્યો છે. સ્વભાવ તે રૂપે પરિણમી રહ્યો છે. તું તારા સ્વભાવરૂપે થઈ રહ્યો છે. ચૈતન્ય ચૈતન્યરૂપ પરિણમી રહ્યો છે એને તું ઓળખી લે.

✻ પ્રશ્ન : અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા કહ્યો એ અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા એ કોનું વિશેષણ છે ?

● ઉત્તર : વિશેષણ પોતાનું ચૈતન્યનું છે.

✻ પ્રશ્ન : અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા એટલે કે જ્ઞાયકભાવ, જ્ઞાયકભાવ આબાલ ગોપાલ બધાને સદાકાળ આત્મા અનુભવમાં આવી રહ્યો છે. 'અનુભવમાં આવી રહ્યો છે' એટલે કે સ્વભાવ તો જણાઈ રહ્યો છે પણ તો ઉપયોગાત્મકનો સવાલ નથી.

✻ ઉત્તર : એ રૂપે પરિણતિ થઈ રહી છે પારિણામિક-ભાવરૂપે અને પરિણમી રહ્યો છે એ રીતે.

✻ પ્રશ્ન : કોણ?

● ઉત્તર : આ આત્મા, જ્ઞાયક પોતે.

✻ પ્રશ્ન : પણ આનંદની અનુભૂતિની વાત નથી ?

● ઉત્તર : એમાં આનંદની અનુભૂતિ-વેદનની અનુભૂતિ નથી. (હા. એ તો આબાલ-ગોપાલ સહુને છે) નહિતર પાછું એમ કેમ આવ્યું કે તારું નહીં જાણેલનું શ્રદ્ધાન ગધેડાના શિંગડા જેવું એટલે કે આચાર્યને બીજું કહેવાની અપેક્ષા છે. 'અનુભૂતિ' કહીને તું જ્ઞાયકરૂપ ભગવાન અનુભવાઈ રહ્યો છે. એટલે તે સ્વરૂપે તું સદાયને માટે શાશ્વતો છું. તારો નાશ નથી થયો. તું તારા સ્વભાવને એવી રીતે ટકાવી રહ્યો છે—જ્ઞાયકરૂપે, માટે તું છો એને ઓળખ એમ કહેવું છે. તે સ્વરૂપે જ તું છો.

✻ પ્રશ્ન : એનો પ્રતિભાસ થયો એમ કહેવાય?

● ઉત્તર : પ્રતિભાસ એટલે તું-તું રૂપે, જ્ઞાયક, જ્ઞાયકરૂપે પરિણમી રહ્યો છે તે. જ્ઞાયકની જ્ઞાયકતા છૂટી નથી ગઈ. ચૈતન્યની ચૈતન્યતા છૂટી નથી ગઈ, જ્ઞાયકરૂપે જ તું છે. ભલે વિભાવમાં ગયો તોય તારી ચૈતન્યતા એમને એમ પરિણમી રહી છે. સદા કાળ

પરિણમી રહી છે. એ ચૈતન્યતાને અંદરથી તું ઓળખી લે એમ કહે છે. ગુરુદેવની ટેપમાં એમ આવ્યું હતું. 'અનુભૂતિ' એટલે તે રૂપે થવું. તે સ્વરૂપે પરિણમવું. તે રૂપે હોવું, તે રૂપે હોવું. જ્ઞાયકપ્રાણની અનુભૂતિ અગુરુલઘુને કારણે જે જ્ઞાયક પ્રાણની અનુભૂતિ—ઓલી જે પરનિમિત્તના કારણે આવી પડેલી આપત્તિ. આમાં અનુભૂતિ. એટલે ફરક. એમાં સ્વાનુભૂતિ આવ્યું હતું.

અનુભૂતિ એટલે આ તૂ પોતે ઈ રૂપે થઈ રહ્યો છે એ રૂપે પરિણમી રહ્યો. જ્ઞાયક જ્ઞાયક રૂપે જ થઈ રહ્યો છે. ઈ થઈ રહ્યો છે પણ એને પ્રગટપણે ખ્યાલ નથી. પોતે તે રૂપે થઈ રહ્યો છે. અનુભૂતિ સ્વરૂપ એટલે જ્ઞાયક જ્ઞાયકરૂપે પણ એને એની ખબર નથી.

✻ પ્રશ્ન : ખબર નથી એટલે ઉપયોગાત્મક કરતો નથી?

● ઉત્તર : હા. ઉપયોગ પ્રગટ નથી કરતો. ઉપયોગ પ્રગટ નથી કરતો (લબ્ધાત્મક છે). આચાર્યદેવ કહે છે કે તું અનુભૂતિ સ્વરૂપ થઈ રહ્યો છે પણ તને એનું શ્રદ્ધાન નથી. અને નહીં જાણેલાનું શ્રદ્ધાન ગધેડાના શિંગડા જેવું એટલે તેને જાણતોય નથી અને શ્રદ્ધા નથી. આચરણ નથી. પણ આચાર્યદેવ તેને કહે છે કે 'નથી' એટલે કે તારો નાશ નથી થયો એટલે તું કાંઈ જડ નથી થયો પણ તું પોતે છું. અનુભૂતિ સ્વરૂપ આત્મા આબાલ-ગોપાલ બધાને અનુભૂતિરૂપ થઈ રહ્યો છે. તું ઓળખી લે. તું પોતે જ છો તું. તે રૂપે જ છો. જ્ઞાયક જ છો. એને જાણી લે. તું અનુભૂતિ સ્વરૂપ જ છો તેને જાણી છે. તું કાંઈ નાશ નથી પામ્યો. તું' છે એને જાણી લે એમ કહે છે. તું તે રૂપે અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા, આબાલ ગોપાલને સદાય શાશ્વતો છે. જ્ઞાયક જ્ઞાયકરૂપે જ છે તું તેને ઓળખી લે. તને ખ્યાલ નથી. જ્ઞાયક સ્વરૂપ જ છે. અનુભૂતિ તેને ઓળખી લે. (ત્રીજી ગાથા)

✻ પ્રશ્ન : પણ બધાને ખબર નથી.

● ઉત્તર : અનુભૂતિ સ્વરૂપ એટલે જ્ઞાયકરૂપ જ છે, પણ વેદન નથી, પોતાના સ્વભાવનું વેદન નથી પણ પોતે જડ હોય તો એને

અનુભૂતિ સ્વરૂપ ન કહે. પણ પોતે અનુભૂતિ જડની ઓલામાં વાપરી પછી પણ તું જ્ઞાયક રૂપ જ છો. આબાલ, ગોપાલ એ જ્ઞાયકરૂપ-અનુભૂતિરૂપ જ્ઞાયક છો. જ્ઞાયક જ છો. પણ તું ક્યા બધે ગોતે છે? તે પોતે જ છો. તું એની શ્રદ્ધા કર, એને જાણ, તું જ છો પોતે, તું પોતે જ છો અને બીજે બીજે ગોતવા જઈ રહ્યો છે. તું જ છો. તારા તરફ દૃષ્ટિ કર. બહાર ફાંફા મારે છે.

✻ પ્રશ્ન : 'સદાકાળ પોતે જ અનુભવમાં આવતો એવા છતાં' અર્થ આપે એ લીધો કે અનુભુવમાં આવતા હોવા છતાં' એટલે કે પર સાથે અજ્ઞાની એકત્વ કરી પોતાને લક્ષમાં લેતો નથી.

● ઉત્તર : લક્ષમાં ચૈતન્ય ચૈતન્ય રૂપે જ અનુભવાઈ રહ્યો છે. પણ લક્ષમાં લેતો નથી. ચૈતન્ય જડરૂપ નથી અનુભવાતો. ચૈતન્યરૂપે અનુભવાઈ રહ્યો છે. એનો મૂળ સ્વભાવ-નિધી છે એ એને ખ્યાલમાં નથી પણ જ્ઞાન જ્ઞાતા ચૈતન્યતા-ચૈતન્યતારૂપે અનુભવાઈ રહી છે પણ ઈ લક્ષમાં લેતો નથી. લક્ષમાં જો લે ગુરુદેવે બતાવ્યો છે તે માર્ગ કે તારો આત્મા જાણનારો છે. જ્ઞાયક છે. ચૈતન્ય સ્વરૂપ છે. જડરૂપ થયો નથી. આ વિભાવ તો અનાદિનો પોતે એમાં જોડાય છે તો વિભાવ દેખાય છે પણ અંતર દૃષ્ટિ કરે તો ચૈતન્ય ચૈતન્યરૂપે જ દેખાય, એને દેખાતો નથી. ચૈતન્યતા એની સદાય શાશ્વતી રહે છે. અનંતકાળ ગયો તો એની ચૈતન્યતા ફીટીને ફરીને કાંઈ જડ થયો નથી. નિગોદમાં ગયા તોય એની શક્તિ તો એમ ને એમ અનંત શક્તિ ભરી છે. એનું લક્ષ કરે તો ઈ પ્રગટ થાય એવો છે. 'છે' એની પ્રતીતી કરે, એનુ જ્ઞાન કરે, એમાં લીનતા કરે, અંતરમાં ઉંડાણમાં જઈને પુરુષાર્થ કરે તો પ્રગટ થયા વગર રહેતો જ નથી. ગુરુદેવે એક જ માર્ગ બતાડ્યો. એની રુચિ, એનો અભ્યાસ, લગની બધું એ કરવા જેવું છે. જેમ પાણી મલીન હોય તો એમાં ઔષધિ નાખે નિર્મળ એમ પોતે પ્રયાસ કરે તો એમાંથી મલિનતા ખસીને નિર્મળતા અંદર ભરી જ છે એમાંથી પ્રગટે છે, જે છે એમાંથી નીકળે છે, ક્યાંય બહાર લેવા

જાવું પડતું નથી. અંતરમાં જ્ઞાન, આનંદ બધું અંદરમાં બહુ ભરચક ભરેલું છે. એનો એ પ્રયાસ કરે તો પ્રગટ થાય એવું છે. એમાં એનું લઢણ કરવાથી જે છે તે પ્રગટ થાય છે. એની પરિણતિ એ તરફ જાતી નથી. બહાર પરિણતિ જાય છે. પરિણતિને જો એમાં દૃઢ કરે, ઈ તરફ લઈ જાય તો એમાંથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે માટે ઈ જ કરવા જેવું છે. એને સ્વાનુભૂતિ એકવાર પ્રગટ થાય તો પછી એનો ભવનો અભાવ થાય છે. પછી એમાં જ જાય છે. જેને અંતરમાં લાગી, જેણે ચૈતન્યનો આશ્રય લીધો એને બહારની રુચિ છૂટી ગઈ તો આચાર્યદેવ કહે છે કે પછી એને રમવાનું સ્થાન એને પોતાનો ક્રીડાવન-બાગ પોતાનો જ છે. એમાં જ ઈ જાય છે. બહાર જાતો નથી, બધેથી છૂટીને નિરાળો થઈ ગયો. નિરાલંબન ચૈતન્યના આલંબનથી. સ્વાવલંબનથી પોતે પોતામાં જાય છે. પણ પોતાનું આલંબન લેતો નથી એને બહારના આલંબનમાં રોકાઈ જાય છે. પોતાનું સ્વાવલંબન લે તો એમાંથી જ એને સ્વાવલંબી બધી પર્યાયો સ્વાવલંબનથી પ્રગટે છે. જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, આનંદની– બધી પર્યાયો પોતાનું આલંબન લેવાથી પોતામાંથી પ્રગટે છે. માટે એમાં જ વિશ્રામ કર. એમાં જ સંતુષ્ટ થા, આચાર્ય દેવ કહે છે કે એમાંથી જ તને અનુપમ સુખ ઉત્પન્ન થશે. બહારથી કાંઈ થાતું નથી. એની માટે એનો જ વિચાર, એનું ચિંતન, એનું મનન બધું ઈ કરવા જેવું છે. દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા–બધું ચૈતન્યની ઉંડી રુચિ કરીને જ્ઞાયક આત્માને પ્રગટ કરવો. જ્ઞાયક જ્ઞાયકતારૂપે પરિણમી જાય એ કરવાનું છે. કેમ પ્રગટ થાય એનો જ અભ્યાસ કરવા જેવો છે. એની પોતામાં એકત્વ બુદ્ધિ પરથી વિભક્ત થઈને પોતે પોતામાંથી પ્રગટ કરે તો એમાં જ એને વિશ્રામ મળે એમાં જ એને શાંતિ મળે એમ એને. અનાદિનો થાક જો એને ખરો લાગે તો અંતરમાં જ વિશ્રામ આનંદ, જ્ઞાન બધું અંતરમાં ભરેલું છે. બહાર ક્યાંય લેવા જાવું નહીં પડે.

* પ્રશ્ન : અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા કહીને શું કહેવા માંગે છે ?

● ઉત્તર : અનુભૂતિ એટલે પોતે ચૈતન્ય ચૈતન્યરૂપે અનુભવાઈ રહ્યો છે. એનો મૂળ સ્વભાવ એની નિધિ. એનો મૂળ સ્વભાવ જેનો એને ખ્યાલ નથી. પણ ચૈતન્યતા ચૈતન્યતારૂપે અનુભવાઈ  છે. અનાદિથી જડ નથી થઈ ગયો. જ્ઞાન જ્ઞાનરૂપે અનુભવાઈ રહ્યો છે. ઈ પોતે લક્ષ કરે તો જ્ઞાન, જ્ઞાન જ છે. જ્ઞાન ફીટી નથી ગયું. જ્ઞાન જ્ઞાનરૂપે અનુભવાઈ રહ્યું છે. એનો મૂળ જે શુદ્ધ સ્વભાવ છે એને એનો ખ્યાલ નથી પણ એને ચૈતન્યતા તો ચૈતન્યતારૂપ અનુભવાઈ રહી છે.

* પ્રશ્ન : અનુભૂતિમાં 'જ્ઞાયક' અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્મા એટલે 'જ્ઞાયક' લેવાનો?

● ઉત્તર : જ્ઞાયક. આખો જ્ઞાયક અનુભૂતિ રૂપ જ છે. પણ અનુભૂતિ એટલે એના સ્વભાવનો મૂળ આનંદ છે એમ નથી. પણ એ જ્ઞાયક જ્ઞાયકરૂપે જ રહ્યો છે. પરરૂપે થયો નથી. એનો અસાધારણ સ્વભાવ જે જ્ઞાયકતા છે ઈ જ્ઞાયકતા રૂપે રહ્યો છે. પરરૂપે થયો નથી. પોતે પોતારૂપે અનુભવાઈ રહ્યો છે. પોતે પોતામાં જ રહ્યો છે. બહારમાં ગયો નથી વાસ્તવિક રીતે.

* પ્રશ્ન : અજ્ઞાની જીવોને પણ સદા જ્ઞાયક જ અનુભવમાં આવે ?

* ઉત્તર : સદા જ્ઞાયક એટલે જ્ઞાયકતા જ્ઞાયકરૂપે પરિણમન નથી, પણ એનું અસ્તિત્વ જ્ઞાયક જ્ઞાયકરૂપનું અસ્તિત્વ છે. એનું લક્ષ નથી. લક્ષ બહાર જાય છે પણ ચૈતન્યતા ચૈતન્યતારૂપે જ સ્ફુરાયમાન છે. આ જડ તો કાંઈ જાણતું નથી. આ ચૈતન્યતા ચૈતન્યતારૂપે જ સ્ફુરાયમાન અનુભવનરૂપ છે.

* પ્રશ્ન : સદાને માટે ? (અનુભવાઈ રહ્યો છે?)

● ઉત્તર : સદાને માટે ચૈતન્ય ચૈતન્યરૂપે જ છે. 'સમતા,

રમતા, ઉર્ધ્વતા'—એનો રમ્ય સ્વભાવ છે, જ્ઞાયક સ્વભાવ છે. તો ઈ બધો સ્વભાવ એ તો સ્ફુરાયમાન છે. એને પ્રગટ અનુભવ, અનુભૂતિ નથી. સ્વભાવરૂપ અનુભવાઈ રહ્યો છે. એને પોતાને ખ્યાલ નથી આવતો. ચૈતન્યતા, ચૈતન્યતારૂપે, અનુભૂતિરૂપ છે. એને મૂળ એના સ્વભાવની અનુભૂતિ નથી. લક્ષમાં લે તો પ્રગટ થાય એમ છે.

✱ પ્રશ્ન : અજ્ઞાનીને પણ સદાકાળ ભગવાન આત્મા જ અનુભવાઈ રહ્યો છે ?

● ઉત્તર : અજ્ઞાનીને પણ સદાકાળ ભગવાન આત્મા જ અનુભૂતિ સ્વરૂપ છે, પોતે જ છે. પણ એને લક્ષમાં નથી લેતો.

✱ પ્રશ્ન : લક્ષમાં નહીં આવવાનું કારણ અરુચિ ભાવ છે ?

● ઉત્તર : લક્ષમાં નહીં આવવાનું કારણ અનાદિના અભ્યાસને કારણે પર તરફ દૃષ્ટિ છે. પરને પોતાનું માને છે. જાણે હું પરને જાણું છું, પોતે પોતા પોતા તરફ જાણવાનો પ્રયત્ન કરતો નથી. પોતાની પ્રતીતિ કરતો નથી. પોતા તરફ જ્ઞાનની દિશા વાળતો નથી. પ્રતીતિ પોતાની કરતો નથી. લીનતા પોતા તરફ કરતો નથી. પર તરફ જ્ઞાન, પ્રતીત, આચરણ બધું પર તરફ જાય છે.

✱ પ્રશ્ન : આબાળ, ગોપાલ સર્વને સદાકાળ પોતે જ પોતાને આત્મા અનુભવાઈ રહ્યો છે. એમ સમયસારની ગાથામાં સત્તર, અઢારમા આચાર્યદેવ કહે છે ત્યાં આચાર્યદેવનો શું આશય છે ? ત્યાં જ્ઞાનનો સ્વ પર પ્રકાશક સ્વભાવ બતાવવા માગે છે કે શિષ્યની જે દૃષ્ટિની ભૂલ છે તે સમજાવવા માગે છે ?

● ઉત્તર : એમાં તો દૃષ્ટિની ભૂલ કહે છે, 'આબાલ ગોપાલ'ને અનુભવાય રહ્યો છે. એનો અર્થ એવો નથી કે અનુભૂતિ પોતે—આનંદની અનુભૂતિ થઈ રહી છે, એવો એનો અર્થ નથી. એ તો અર્થ એવો છે કે આત્મા પોતે અસ્તિત્વરૂપે પોતે પોતાના જ્ઞાયકનું અસ્તિત્વ છોડ્યું નથી અને જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમી રહ્યો છે પણ એનું એને જ્ઞાન કે શ્રદ્ધાન નથી. એની દૃષ્ટિ બહાર છે, એ એવો છે કે જેમ જડ

પોતાના સ્વરૂપને છોડતો નથી એમ ચૈતન્ય પોતાના સ્વરૂપને છોડતો નથી. પોતે અનુભૂતિ સ્વરૂપ જ છે, એમ જ્ઞાનનું અસાધારણ લક્ષણ છે કે જ્ઞાન જ્ઞાનરૂપે પોતે પરિણમી રહ્યો છે. પણ એને એની અનુભતિ નથી. અનુભૂતિ એટલે કે એને આનંદની અનુભૂતિ નથી. પણ પોતે પોતાને અનુભૂતિ સ્વરૂપ એટલે ચૈતન્ય ચૈતન્યરૂપે પરિણમી રહ્યો છે એટલે કે જ્ઞાન જ્ઞાનરૂપે અનુભવાઈ રહ્યું છે. પણ એની એને પોતાને ખબર નથી કે 'હું ચૈતન્ય પોતે અસ્તિત્વ સ્વરૂપ છું.' અસ્તિત્વ એનું એણે ગ્રહણ કર્યું નથી. પણ અસ્તિત્વનો નાશ નથી થયો, તે અનુભૂતિ સ્વરૂપ જ છે. આત્મા પોતે અનુભૂતિ સ્વરૂપ છે પણ એ અનુભૂતિનો પોતે અનુભવ કર્યો નથી એવો એનો અર્થ છે.

* પ્રશ્ન : દષ્ટિની ભૂલ છે ?

● ઉત્તર : દષ્ટિની ભૂલ છે, એ બતાવવું છે. એની દષ્ટિની ભૂલ છે. એની દષ્ટિ બહાર છે. જેમ બીજાની ગણતરી કરે કે આ માણસ, આ માણસ છે, પણ પોતે પોતાને ગણતો ભૂલી જાય છે એમ પોતે બધું બહાર જોઈ રહ્યો છે. બહારનું છે પણ હું પોતે ચૈતન્યપણે છું. એના અસ્તિત્વનો નાશ નથી થાતો. પણ ઈ પોતે પોતાને ભૂલી ગયો છે. પોતાનું અસ્તિત્વ અનુભવાઈ રહ્યું છે પણ તે અસ્તિત્વના આનંદની અનુભૂતિ નથી. અનુભૂતિ સ્વરૂપ પોતે હોવા છતાં પણ એને આનંદની અનુભૂતિ નથી. એ જ્ઞાન અસાધારણ લક્ષણ છે કે જે લક્ષણથી પોતે પોતાને ઓળખી શકે એવો છે. એ જ્ઞાન જ્ઞાયકતાનો નાશ નથી થયો. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમી રહ્યું છે, પણ પોતે એ જ્ઞાયકતારૂપ થયો નથી, માટે એના તરફ દષ્ટિ કરે, એનું જ્ઞાન કરે, એનું આચરણ કરે તો એને પ્રગટ આનંદની અનુભૂતિ પ્રગટ થાય છે. એની શ્રદ્ધા નથી કરતો. પોતે યથાર્થ જ્ઞાન નથી કરતો. પ્રતીતિ જો નિશંક થાય તો એના આચરણનું બળ પણ વધી જાય છે. તો આચરણ પણ એનું જોરદાર પોતા તરફ થાય છે, પણ નિશંકતા નથી. દષ્ટિ બહાર છે એટલે પોતે પોતાને ભૂલી ગયો છે. (પોતાને) જુએ

તો અસાધારણ લક્ષણ જ્ઞાન છે. જ્ઞાન એનો કાંઈ નાશ થયો નથી. પોતે પોતાને જોતો નથી. એ અનુભૂતિ સ્વરૂપ ભગવાન આત્માનો પોતે આનંદરૂપે અનુભવ કરતો નથી માટે અનુભવાઈ તો રહ્યો છે પણ પોતે આનંદરૂપે નથી અનુભવાઈ રહ્યો. જ્ઞાન જ્ઞાનરૂપે એનું અસ્તિત્વ, અસ્તિત્વરૂપે પરિણમી રહ્યું છે.

## આતમ જ્યોતિ જલે

આતમ જ્યોતિ જલે સદાકાળ,
અનંતકાળે પણ એ ના બુઝાય (૨)
જ્ઞાન જ્યોતિ સદા પ્રકાશમાન,
અનંતકાળે પણ એ ના બુઝાય (૨)
દેવેન્દ્ર હોય કે ચક્રવર્તી હોય,
આતમનો દીવડો કદી ના બુઝાય (૨)
તિર્યંચ હોય કે નારકી ભલે હોય,
આતમનો દીવડો કદી ના બુઝાય (૨)
રાગ-દ્વેષની ભારે વર્ષા ભલે થાય,
આતમનો દીવડો કદી ના બુઝાય (૨)
મોહ-મિથ્યાત્વની વીજળી પડી જાય,
આતમનો દીવડો કદી ના બુઝાય (૨)
રાજમહેલકે ઝૂંપડી ભલે હોય,
આતમનો દીવડો કદી ના બુઝાય (૨)
વન-ઉપવનકે ગિરગુફામાંહી,
આતમનો દીવડો કદી ના બુઝાય (૨)